# ખમીરવંતી વિશ્વજાતિ ગુજરાતી

-- વિનોદ પટેલ (યુ.એસ.એ.)

૧લી મે, ૧૯૬૦ના મંગલ પ્રભાતે દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી વિભાજિત થઈ ગુજરાતી ભાષા બોલતી પ્રજાની આકાંક્ષાઓની પરિપૂર્તિ માટે અને એની આગવી અસ્મિતાના સંવર્ધન કાજે, અદના ગાંધી અંતેવાસી પૂજ્ય રવિશંકર મહારાજના પાવન હસ્તે ગુજરાતના સ્વતંત્ર રાજ્યનો શુભ પ્રારંભ થયો. ત્યાર બાદ અર્ધશતાબ્દીની ઘટનાપૂર્ણ મજલમાં ગુજરાત રાજ્યે મુશ્કેલ પરિસ્થિતિઓનો હિંમતથી સામનો કરીને આજે દેશ-વિદેશમાં એક અગ્રેસર વિકાસગામી આધુનિક રાજ્ય તરીકેની શાખ પ્રાપ્ત કરી છે. સળંગ વિક્રમી અગિયાર વર્ષથી હાલ છ કરોડની વસ્તી ધરાવતા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યદક્ષ સુકાનીપદ હેઠળ ગુજરાત રાજ્યમાં શાંતિ, સ્થિરતા અને સર્વાંગી વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પ્રવર્તતું હોઈ રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે સ્વદેશી અને વિદેશી મૂડીનું રોકાણ વૃદ્ધિ પામી રહ્યું છે. ગુજરાત રાજ્યની આવી સુંદર પ્રગતિ અને વિકાસ નજરે નિહાળી દેશ અને વિદેશમાં વસતો ગરવો ગુજરાતી ગૌરવની લાગણી અનુભવે એ સ્વાભાવિક છે.

ગુજરાતના ભવ્ય ઇતિહાસની તવારીખ અનેક નરબંકાઓ અને વીરાંગનાઓના પરાક્રમ અને વીરતાનું બયાન કરતાં ઇતિહાસનાં પ્રકરણોમાં જળવાઈ છે, જે સૌ કોઈને પ્રભાવિત કરે એવી બળૂકી છે. ગુજરાતનાં બે વિશ્વવિખ્યાત નરરત્નો મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની રાહબરી નીચે અનેક ગુજરાતી નરનારીઓએ કુરબાની આપી દેશની આઝાદી અને એકતાના સંગ્રામમાં મોટું યોગદાન આપ્યું છે. ગુજરાતની અસ્મિતાનો પીંડ અનેક મહામાનવોનાં લોહી અને પસીનાથી ઘડાયો છે. ભૂતકાળમાં ગુજરાતીઓ દુનિયાના અનેક દેશોમાં ઊજળા ભવિષ્ય માટે સાહસિક દરિયાઈ ખેપો કરીને ગયા. આ દેશોમાં સ્થાયી થયા અને ગુજરાતના સાંસ્કૃતિક પ્રતિનિધિઓ તરીકે નવા દેશની નીતિરીતિ અપનાવી લઈ દામ અને નામ કમાયા. ભૂતકાળની એ સાહસિક પરંપરા, ગુજરાતીઓની આધુનિક હવાઈ ખેપોમાં સચવાઈ રહી છે. ગુજરાતીઓ સ્વભાવે જ હળીમળી જનારી પ્રજા છે. પોતાનાં ગુજરાતી મૂલ્યોને બરકરાર રાખીને એમની આગવી ઓળખને એમણે વિશ્વમાનવીની ઓળખમાં ઓગાળી દીધી છે અને એક ખમીરવંતી વિશ્વજાતિ તરીકેની કીર્તિ સંપાદન કરી છે. પોતાના ઊજળા ભવિષ્ય માટે અમેરિકા અને અન્ય દેશોમાં વસવાટ કરવા છતાં ગુજરાતીઓ એમના મૂળ વતનને ભૂલ્યા નથી. વતનની ધૂળ માથે ચડાવી એનાં વિકાસકાર્યો માટે પોતાનો તન, મન, ધનથી શક્ય એટલો સહકાર આપી વતન પરત્વેનું ઋણ અદા કરવાનું ચૂકતા નથી. ગુજરાતમાંથી ગુજરાતી બહાર જતો હશે. પરંતુ ગુજરાતીમાંથી ગુજરાત કેમ કરીને બહાર જઈ શકતું નથી. વતન પરત્વેના અટલ આકર્ષણથી પ્રેરાઈને વહેલામાં વહેલી અનુકૂળ તકે દર વર્ષે નળસરોવરનાં યાયાવર પંખીઓની જેમ ગુજરાતમાં ઊતરી આવતાં ગુજરાતીઓનાં જૂથોમાં એમના વતન ઝુરાપાનાં અને પ્રેમનાં દર્શન થાય છે. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર અને કવિ, જેમની તાજેતરમાં સો મી જન્મજયંતી ગુજરાતીઓએ ઊજવી, એ સ્વ. ઉમાશંકર જોષીએ એમના એક કાવ્યમાં ગુજરાત પરત્વેની સુંદર લાગણી વ્યક્ત કરતાં ગાયું છે કે, "મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત, એક વાર ભાળી તે કેમ કરી ભૂલવી ? ગુજરાત મોરી મોરી રે "

કવિની આ કાવ્યપંક્તિઓ દરેક વતનપ્રેમી ગુજરાતીના હૃદયની ભાવનાનો પડઘો પાડે છે.

છેલ્લાં ૧૮ વર્ષથી જ્યાં હું રહું છું એ અમેરિકાની જો વાત કરું તો આ દેશમાં ગુજરાતીઓનો વિશાળ સમૂહ દેશનાં બાવનમાંથી લગભગ બધાં જ રાજ્યોમાં શહેરો અને દૂરનો ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી, સ્થાયી થઈને છવાઈ ગયો છે. દેશ કરતાં અહીંના અલગ વાતાવરણને અનુકૂળ થઈ, અપનાવી લઈ સખત પરિશ્રમ અને આપબળે સિદ્ધિઓ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી વૈશ્વિક સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું છે. ગુજરાતીઓના ખમીર અને વેપારી કુનેહને દાદ આપતાં એક કાવ્યકારે ઉચિત રીતે કહ્યું છે કે "ચંદ્ર ઉપર ભલે પહોંચતી વિશ્વની કોઈ જાતિ, પણ દુકાન કરશે ચંદ્રની ઉપર પહેલો ગુજરાતી." ફિનિક્ષ પક્ષીની માફક રાખમાંથી બેઠા થવાનો અને ભીંત ફાડીને પિપળાની જેમ ઊગી નીકળવાનો પોતાની નસોમાં સાહસ અને ધૈર્યનો ડીએનએ ધરાવતા ઘણા મૂઠીઊંચેરા ગુજરાતીઓ વિશ્વના ફલકમાં પથરાઈ જઈ ગુજરાત અને ગુજરાતીપણાને દીપાવી રહ્યા છે. મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે એ કહેવત અનુસાર વિદેશોમાં વસતા ગુજરાતીઓની ઓળખ માટેની મુખ્ય ખૂબીઓ અને ગુણ એમની અથાગ પરિશ્રમક્ષમતા, બુદ્ધિ, વેપારી કુનેહ, ધીરજ, સાહસ, વતનપ્રેમ, બીજાને મદદરૂપ થવાની ભાવના અને સૌમાં ભળી જવાની વૃત્તિમાં રહેલા છે. અમેરિકાનાં મોટાં ગુજરાતી વસ્તી ધરાવતાં રાજ્યોનાં શહેરોમાં ગુજરાતીઓ પોતાનાં કલ્ચરલ એસોસિયેશનો અને સામાજિક-જ્ઞાતિમંડળો રચીને નવરાત્રિના રાસ-ગરબા, દિવાળી, સ્વાતંત્ર્યદિનની પરેડ, બોલીવુડ અને લોકસાહિત્યના કલાકારોના કાર્યક્રમોનું વિગેરે આયોજન કરી ગુજરાત અને દેશ સાથેનો નાતો અને સંપર્ક જાળવી રાખે છે. ઉપરાંત વિશ્વ ગુજરાતી પરિષદ ખાતે વર્લ્ડ ગુજરાતી કૉન્ફરન્સ જેવાં ગુજરાતીઓ માટેનાં મહાસંમેલનો પણ યોજાય છે, જેમાં વિશ્વભરમાંથી હજારોની સંખ્યામાં ગુજરાતીઓનો અભૂતપૂર્વ મેળો ઊભરાય છે, જે જોઈને અહીંની અમેરિકન પ્રજા પણ ચકાચૌંધ થઈ જાય છે. આવા કાર્યક્રમો અને સંમેલનોમાં વિશ્વભરમાંથી આમંત્રિત વિદ્વાન ગુજરાતીઓ દ્વારા ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતાં પ્રવચનો, ગીત-સંગીતની રસલ્હાણ, ગુજરાતી સાહિત્ય, સમાજ અને ગુજરાત રાજ્યના વિકાસનો અસર કરતાં ઘણાં પાસાંઓની છણાવટ અને સૂચનો વ. મુખ્ય હોય છે. આવા ઉત્સવો, કાર્યક્રમો અને સંમેલનોમાં ગુજરાતી સંસ્કૃતિનાં દર્શન થાય છે, જે વતન સાથેના સંપર્ક માટેના એક સેતુની ગરજ સારે છે. આવા જાહેર પ્રસંગોએ જ્યારે ગુજરાતી પોષાકોમાં ઉત્સાહી ગુજરાતીઓનાં ટોળાં ઊમટે છે, ત્યારે અમેરિકામાં પણ જાણે એક "લીટલ ગુજરાત" ઊભું થયાનો અહેસાસ થાય છે. અહીં વસતા ઘણા ગુજરાતીઓ સામયિકોમાં લેખો, ઇન્ટનેટ પર ગુજરાતી બ્લૉગ, ઉપરાંત પુસ્તક-પ્રકાશન, લેખક-સંમેલન જેવી પ્રવૃત્તિઓ મારફતે ગુજરાત અને ગુજરાતી ભાષા સાથેનો પ્રેમાળ નાતો નિભાવી રહ્યા છે. કવિ ખબરદારે સાચું જ કહ્યું છે કે "જ્યાં-જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં-ત્યાં સદાકાળ ગુજરાત."

છેલ્લાં ખૂબ જ આનંદ અને ઉત્સાહથી દેશ-વિદેશમાં વસતા ખમીરવંતા ગુજરાતીઓ સર્વત્ર સ્વર્ણિમ ગુજરાતની ભવ્ય ઉજવણી કરી રહ્યા છે, એ ટાણે અને ગુજરાત રાજ્યના ૫૧મા જન્મદિવસના મંગલ અવસરે ગુજરાતને અને સર્વે ગરવા ગુજરાતીઓને મારા હાર્દિક અભિનંદન, સહર્ષ અભિવાદન. "જય ગુજરાત, જય જય ગરવી ગુજરાત, દીસે અરુણું પ્રભાત."